હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

લો સાંભળો... આ આવ્યું બજેટ... બુટ સસ્તા થશે મોજા મોંઘા... ચશ્માનાં કાચ સસ્તા અને ફ્રેમ મોંઘી... રોડ સીક્સ લેન બનશે... અને પેડલ રીક્ષા સસ્તી થશે... કેરીનાં ટોપલા સસ્તા થશે... કેરી મોંઘી...!!

સચિવાલય બહારથી યુવાનનું અપહરણ : ૧૫ લાખની ખંડણી

પોલીસે બે કલાકમાં ફિલ્મી ઢબે ઓપરેશન પાર પાડીને અપહ્યુતને મુક્ત કરાવ્યો : ત્રણ અપહરણકારોની ધરપકડ : અપહરણકારે રૂપિયા ભરેલી બેગ મેળવવા ચાર લોકેશન બદલ્યા હતા

ગાંધીનગર, તા. ૨૩

રવિવારે સવારે સચિવાલય બહારથી એક યુવાનનુ અપહરણ થઈ ગયુ ને સોમવારે અપહ્યુત યુવાનની બહેનના મોબાઈલ પર અપહરણકારનો ફોન આવ્યો કે રૂ. ૧૫ લાખ આપીને ભાઈને છોડાવી જાવ..! બહેન સે. ૭ પોલીસ સ્ટેશન પહોંચી અને પોલીસે અપહરણકારોને પકડવા સાંજે છ વાગે ટ્રેપ ગોઠવી..! રૂપિયા ભરેલી બેગ આપવા બહેનને મોકલી ત્યારે અપહરણકારે ચાર-ચાર લોકેશન બદલાવ્યા ..! અંતે બેગ લેવા અપહરણકારના માણસો આવ્યાને વૉચમાં રહેલી પોલીસે ફિલ્મી ઢબે તેમને પકડી પાડી મુખ્ય આરોપી સુધી પહોંચી ત્રણ અપહરણકારોની ધરપકડ કરી ટ્રેપના બે કલાકમાં અપહ્યુતને મુક્ત કરાવી દીધો હતો. જો કે અપરહરણ કયાં કારણોસર થયુ હતુ અને કોણ કોણ અપહરણમાં સામેલ છે ? તે સહિતની તપાસ સેક્ટર-૭ પોલીસે શરૂ કરી છે.

ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના અપ્રુજી ગામે રહેતી કામીનીબેન શર્માએ સોમવારે પોલીસનો સંપર્ક કર્યો ને કહ્યુ કે તેણીના ભાઈ જૈમીનનું અપહરણ થઈ ગયું છે. અને રૂ. ૧૫ લાખની ખંડણી માંગે છે. એએસપી કરણરાજ વાઘેલા તથા સેક્ટર-૭ પોલીસ મથકના પીએસઆઈ વી.યુ. ગડરીયા, કોન્સ્ટેબલ દિગ્વીજયસિંહ સહિતની ટીમે અપહરણકારને પકડવા ટ્રેપ ગોઠવી..! સાંજે છ વાગ્યે કામીનીબેનને રૂપિયા આપવા ફોન કરાવ્યો એટલે અપહરણકારે તેણીને દહેગામ બોલાવી હતી. દહેગામ પહોંચીને ફોન કર્યો તો ત્યાંથી નહેરૂ ચોકડી આવવા અપહરણકારે કામીનીબેનને કહ્યું..! અપહરણકારે ફરીથી લોકેશન બદલ્યુ અને કામીનીબેન નહેરૂ ચોકડી પહોંચી ત્યારે ચિલોડા સર્કલ આવવા કહ્યુ. ચિલોડા પહોંચીને કામીનીબેને અપહરણકારને ફોન કર્યો ત્યારે જવાબ મળ્યો કે હવે તમે કિષ્ના હોસ્પિટલ પહોંચો અને ત્યાં એક અલ્ટો ગાડી પડી હશે જેના દરવાજા ખુલ્લા હશે તેમાં રૂપિયા ભરેલી બેગ મુકી દેજો. અલ્ટો પાસે પહોંચીને કામીનીબેને ફોન કર્યો ત્યારે કહ્યું કે તેમાં રૂપિયા મુકી દો અને ફોન ચાલુ રાખીને ત્યાંથી નિકળી જાવ. થોડીવારમાં બે શખ્સો અલ્ટોમાંથી રૂપિયા લેવા આવ્યા એટલે ટ્રેપમાં રહેલી પોલીસે અપહરણકારોના માણસોને પકડી પાડ્યા હતા અને તેમની પાસેથી મુખ્ય અપહરણકારને રૂપિયા મળી ગયા હોવાની સાઈન આપવા પોલીસે કોલ કરાવ્યો હતો. સંકેત મળતા મુખ્ય સૂત્રધારે કામીનીબેનને કહ્યું કે પૈસા મળી ગયા છે તમે હવે અંજલી હોટલે આવી જાવ. અંજલી હોટલે અપહરણકાર મુખ્ય સુત્રધાર અને અપહ્યુત જૈમીન બંને ઉભા હતા. પોલીસે મુખ્ય અપહરણકારને પણ પકડી પાડી ટ્રેપના બે કલાકમાં અપહ્યુતને મુક્ત કરાવી દીધો હતો. અપહરણના મુળ સુધી પહોંચવા પોલીસે તપાસનો દોર શરૂ કર્યો છે.સેક્ટર-૭ પોલીસે પ્રાંતિજના તાજપુર કુઈ ખાતે રહેતા મુખ્ય આરોપી રોહીત કેશીક પટેલ તથા ગુનામા મદદગારી કરનાર તાજપુર કુઈનો કીરીટ નટવર પટેલ અને ઝાખોરાના નિતેશ મનુ પટેલની ધરપકડ કરી ઝીણવટભરી પુછપરછ શરૂ કરી છે.

ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલ સ્વાઈન ફ્લુના એક દર્દીનો ટેસ્ટ આજે નેગેટીવ આવેલ છે. આ દર્દી સે. ૧૫નો રહેવાસી છે.
- ગાંધીનગર જિલ્લામાં ગતિશીલ ગુજરાત ભાગ-૩ના લક્ષ્યાંકોની સિદ્ધિ માટે જિલ્લાના આરોગ્ય અધિકારીઓની એક મહત્વની બેઠક સિવિલ હોસ્પિટલમાં મળી હતી.
- ગાંધીનગર જિલ્લામાં વિકલાંગોને પ્રમાણપત્ર આપવા અંગે ચાર તાલુકામાં આગામી માર્ચમાં ખાસ કેમ્પોનું આયોજન કરાશે.
- ગાંધીનગર શહેરમાં હવા પ્રદૂષણને નાથવા માટે નવેસરથી એકશન પ્લાન પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ બનાવે તેવા સંકેતો મળી રહ્યા છે.
- ગાંધીનગર મહાનગરપાલિકાના સીમાંકનના પ્રાથમિક આદેશો જારી થયા બાદ શહેરમાં રાજકીય ગતિવિધિઓ તેજ બની છે.
- ધો. ૧૦ના વિદ્યાર્થીઓને ફીની રસીદો ૨૫મીને ગુરૂવારે વિતરણ કરવામાં આવશે.
- ગાંધીનગર જિલ્લામાં ખેતીકામના ભારણને લઈ ખેડૂતો વધુ વ્યસ્ત બન્યા છે.

બજેટમાં નવા ઉદ્યોગો સ્થાપવા માટે કોઈ વિશેષ સહાયક યોજના નહીં...!

ઉદ્યોગો અને ખનીજ માટે રૂ. ૨૯૫૫.૨૬ કરોડની ફાળવણી : માંદા એકમો માટે પણ ઔદ્યોગિક દૃષ્ટિએ બજેટ માંદગીભર્યું...!

ગાંધીનગર, તા.૨૩

વિધાનસભામાં આજે નાણામંત્રી દ્વારા રજુ થયેલા બજેટમાં ઉદ્યોગો અને ખનીજ માટે રૂ. ૨૯૫૫.૨૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જો કે નવા ઉદ્યોગોની સ્થાપના કે વિકાસ માટે તેમજ માંદા અકમોને ફરીથી ઉભા કરાય તેવી કોઈ વિશેષ સહાયક યોજનાઓ બાબતે બજેટમાં કોઈ જાહેરાત કરી નથી.

સ્ટાર્ટઅપ પ્રોજેકટ માટે રૂ. ૫૦ કરોડ, યુવા સ્વાવલંબન માટે રૂ. ૧૦૦૦ કરોડ તથા યુવા વર્ગને પોતાનો વ્યવસાય શરુ કરવા માટે રૂ. ૧૦૦ કરોડની ફાળવણી બજેટમાં કરવામાં આવી છે. જો કે નવા ઉદ્યોગો અને માંદા એકમો માટે બજેટમાં કોઈ વિશેષ યોજનાની જાહેરાત થઈ નથી તેમ ગુજરાત સ્ટેટ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશનના સેક્રેટરી દિનેશસિંહ ચાવડાએ અખબારી નિવેદનમાં જણાવ્યું છે. વધુમાં તેમણે જણાવ્યું છે કે ચાલુ ઉદ્યોગોના મહત્વપૂર્ણ વેટના પ્રશ્નો, ઉદ્યોગો માટે પાણીના દર ઘટાડવા બાબતે, વીજળી ડયુટી ઘટાડવાની માગણી, સ્ટાર્ટઅપ પ્રોજેકટોના પ્રોત્સાહન માટેની જાહેરાતો તેમજ જીઆઈડીસી પ્લોટો ફાળવણીની સરળ નાણાકીય નીતિ બાબતે નાણા પ્રધાન મૌન રહ્યા છે. છેલ્લા ત્રણ વર્ષમાં રાજયમાં ઔદ્યોગિક એકમો અને તેમના રોકાણનું સરેરાશ પ્રમાણ વાયબ્રન્ટ સમીટની ઉજવણીઓ બાદ પણ ઘટતું જતું હોવાનું તેમણે ઉમેર્યું છે.

પેથાપુર કોંગ્રેસ આભાર માને છે

પેથાપુર, ત.૨૩

પેથાપુર નગર પાલિકાની સામાન્ય ચુંટણીમાં પ્રજાજનોનો ચુકાદો માથે ચડાવતા પેથાપુર શહેર કોંગ્રેસના આગેવાનો સર્વશ્રી ગણપતસિંહ વાઘેલા (મુખી), શ્રી પ્રવિણસિંહ ડાભી, શ્રી મૂલચંદભાઈ, શ્રી પિયુષભાઈ પ્રજાપતિ વિગેરેએ ભારે મતદાન કરવા માટે પ્રજાજનોનો આભાર માન્યો છે. કોંગ્રેસ પેથાપુરના નાગરિકોની સેવા માટે હંમેશા સમર્પિત જ રહેશે તેમ કોંગ્રેસે જણાવ્યું છે.

સંસ્કૃતિ કુંજ ખાતે આરંભાયેલ વસંતોત્સવના ત્રીજા દિવસે રાજ્ય ગરબા સ્પર્ધામાં અર્વાચીન ગરબાના પ્રથમ વિજેતા ગાંધીનગરના પનઘટ કલા કેન્દ્રના કલાકારોએ ગરબો રજુ કરી પ્રેક્ષકોના મન જીતી લીધા હતા. આ અર્વાચીન ગરબાની પ્રસ્તુતિમાં અનુપા પંડ્યા, અનૂજા પુરોહિત, અન્વિ શાહ, ભવ્યા ભટ્ટ, ભૂમા દવે, ઈશા ભટ્ટ, ધરતી કંદોઈ, વૈદેહી પંડ્યા, મીતી ભટ્ટ, ફોરમ તન્ના, રીયા હૂડાની, ઈશીતા જાની, નૈસર્ગી જોષી, ખૂશ્બુ ભાવસાર, હીર શુકલ, દિવ્યા પંડ્યા જોડાયા હતા. જેમાં ગાયક તરીકે અભીતા પટેલ સહ ગાયક તૃપ્તિ અમીન, ભક્તિ જોષી ઉપરાંત વાદ્ય કલાકારોમાં બલવંત સીંધા, પ્રવિણ સીંધા, દેવાંગ પંચાલ, ગોપન ભટ્ટ દ્વારા સમગ્ર ગરબાનું સંચાલન જાણીતા કોરીયોગ્રાફર અને પનઘટના સંચાલક શ્રી ભાવિન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

માતૃભાષાના મીઠાસૂર : ગાંધીનગર ટાઉનહોલ ખાતે રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા માતૃભાષાની વંદના કરતો અનોખો કાર્યક્રમ યોજાઈ ગયો ગુજરાતી સુગમસંગીતના જાણીતા કલાકારો હેમા દેસાઈ, કલ્યાણી કોઠારકર, ડૉ. ફાલ્ગુની ડૉક્ટર અને સ્તુતિ જાની, દ્વારા લોકપ્રિય ગુજરાતી ગીતો રજૂ કરાયા હતા. કાર્યક્રમનું સંચાલન માર્ગી હાથીએ સંભાળ્યું હતું. સૂરીલી સરગમ - સલીલ મહેતા દ્વારા નિર્માણ પામેલ કાર્યક્રમ અનોખો રહ્યો હતો.

શહેરના સરકારી આવાસોના બાંધકામની ચકાસણી માટે ખાસ સર્વે શરૂ કરાયો

રેપિડ વિજયુલન્સ સર્વે હેઠળ આવાસોની હાલની સ્થિતિ ચકાસવા અંદાજિત ૧૩ હજાર મકાનોને આવરી લેવાશે

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર શહેરના સેકટરોમાં સ્થિત દાયકાઓ જુના સરકારી આવાસોની સ્થિતિ ચકાસવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા રેપિડ વિજયુલન્સ સર્વેની પ્રકીયા હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન નગરના સરકારી આવાસોની સલામતીની દ્રષ્ટીએ ચકાસણી કરવામાં આવશે. જેમાં મકાનના બાંધકામની હાલની સ્થિતિનો પણ સર્વે કરવામાં આવશે. શહેરમાં અંદાજિત ૧૩ હજાર જેટલા સરકારી મકાનો છે. જેથી આવાસોની સ્થિતિ ચકાસવામાં પણ સમય લાગશે.

શહેરના સ્થાપના કાળથી અસ્તિત્વ ધરાવતા સરકારી આવાસોની સ્થિતિ હાલ ભયજનક હોવાનો સુર વારંવાર ઉઠવા પામે છે. સેકટરોમાંવિવિધ કેટેગરીના અંદાજિત ૧૩ હજાર જેટલા સરકારી આવાસો છે. જયારે થોડા સમય અગાઉ નિકાલ હેઠળના અત્યંત ભયજનક હાલતમાં હોય તેવા ૧૯૦૪ મકાનો તોડી પાડવામાં આવ્યા છે. આ નિકાલ હેઠળના મકાનોના ઠેકાણે નવા મકાનો બાંધવાનુ કામ પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે. કર્મચારીઓ માટે નવી ટાવર કોલોની બાંધવાનુ કામ ચાલી રહયુ છે. સુવિધાયુકત આવાસોના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવનાર છે. બીજીતરફ અન્ય સેકટરોમાં પણ નવા બ્લોક ઉભા કરવા માટે તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો છે.જયારે શહેરમાં સ્થિત સરકારી મકાનોમાં વારંવાર છતમાંથી પોપડા ખરવા સહીતની ફરિયાદો પણ વસાહતીઓ માટે ભયનુ કારણ બની છે. ચોમાસા દરમિયાન છતમાંથી પાણી ટપકવા સહીત મોટામસ પોપડા પડવાની ઘટનાઓ પણ પ્રકાશમાં આવતી હોવાના અનેક કીસ્સાઓ પણ ધ્યાને આવે છે. ત્યારે શહેરમાં દાયકાઓ જુના સરકારી મકાનોની સ્થિતિ ચકાસવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા રેપિડ વિજયુલન્સ સર્વેની પ્રકીયા હાથ ધરવામાં આવી છે. જે અન્વયે પાટનગર યોજના વિભાગના ડિવિઝન ૧, ૩, ૪ના મદદનીશ ઈજનેરો તેમજ તાંત્રિક સ્ટાફને જવાબદારી સોંપવામાં આવી છે. આવાસોની સંખ્યા વિશેષ હોવાથી સર્વેની કામગીરી પુર્ણ થતા પણ સમય લાગશે.

અંદાજપત્રમાં ઉત્તર ગુજરાતના વિસ્તાર માટે વિકાસના કામોનો નોંધપાત્ર સમાવેશ

- ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી હસ્તકની સોલા, હિંમતનગર, ગાંધીનગર અને પાટણ ખાતેના હયાત મેડીકલ કોલેજોનો વિકાસ અને વિસ્તૃતિકરણ તેમજ વડનગર ખાતે મેડીકલ કોલેજના બાંધકામ માટે જોગવાઈ.
- નર્મદા નહેરના માઈનોર સુધીની નહેરોના બાંધકામ માટે ઉત્તર ગુજરાત વિસ્તાર માટે રૂ. ૨૩૦ કરોડની જોગવાઈ.
- ધરોઈમાં ૭૦૦૦ હેક્ટર વિસ્તારના હયાત કેનાલ માળખાના સુધારણા અને સુદૃઢીકરણ માટે જોગવાઈ.
- નર્મદા મુખ્ય નહેર પરના કલોલ તાલુકાના પીયજથી શરૂ થઈ માણસા તાલુકામાંથી પસાર થતી મહેસાણા જિલ્લામાં આવેલ ધરોઈ જળાશયમાં પાણી પહોંચાડવા માટે એક નવી પાઈપ લાઈન શરૂ કરવા જોગવાઈ રૂ. ૧૫૦ કરોડ.
- કડી-આદુંદરા-કરણનગર-ધાંધુસણ પાઈપલાઈને ધાંધુસણથી રેડલક્ષ્મીપુરા સુધી લંબાવવાની નવી પાઈપલાઈનનું કામ હાથ ધરવા માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ.
- વિજાપુર તાલુકાના હીરપુરા તેમજ વલાસણા ગામે સાબરમતી નદી પર વીયર બનાવવા માટે જોગવાઈ રૂ. ૪૦ કરોડ.
- સુજલામ સુફલામ યોજનાની પ્રગતિ હેઠળની ચાર પાઈપલાઈન દાંતીવાડા-સીપુ, વાત્રક-માઝમ-મેશ્વો, પાટણ-ડીંડરોલ અને કરણનગર-ધાંધુસણ પાઈપલાઈનના કામો પૂર્ણ કરવા માટે જોગવાઈ રૂ. ૨૨.૩૦ કરોડ.
- ખેરવા-વિસનગર પાઈપલાઈન યોજના માટે જોગવાઈ રૂ. ૩૩.૩૫ કરોડ.
- બનાસકાંઠા અને પાટણ જિલ્લાના કુલ ૭૪ ગામો માટે કસરાથી દાંતીવાડા અને થરાદથી સીપુ જળાશય સુધીની પાઈપલાઈનની નોંધણી અને સંશોધન માટે આયોજન.
- બનાસકાંઠા, પાટણ, કચ્છ, સુરેન્દ્રનગર, અમદાવાદ અને મહેસાણા જિલ્લાઓમાં અતિવૃષ્ટિમાં વરસાદી પાણીના કાયમી નિકાલ માટે ડ્રેનેજ માસ્ટર પ્લાન બનાવવા જોગવાઈ રૂ. ૨૫ કરોડ.
- રાજ્યમાં ચાર જુદા જુદા ઝોનમાં ખેડૂતોને નવી ખેતી પદ્ધતિની માહિતી ઉપલબ્ધ કરાવવા આંતરરાષ્ટ્રીય કક્ષાના કૃષિ પ્રદર્શન કમ મેળાનું આયોજન કરવા માટે રૂ. ૧૫ કરોડની જોગવાઈ.
- પાટણ ફોઝન સીમેન સ્ટેશનનું દૃઢીકરણ કરવા માટે જોગવાઈ.
- અરવલ્લી જિલ્લામાં નવીન વિવિધલક્ષી પશુ ચિકિત્સા સંસ્થાની સ્થાપના માટે જોગવાઈ.
- રાજ્યના તમામ તાલુકાઓમાં સરકારી કોલેજો ઉપલબ્ધ કરાવવાના હેતુથી, આગામી બે વર્ષમાં નવી કોલેજ શરૂ કરવામાં આવશે. આવતા વર્ષે પોશીના ખાતે કોલેજ શરૂ કરવામાં આવશે જે માટે જોગવાઈ.
- કડી અને સીંગરવા ખાતેના હાલના કાર્યરત સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં હાલની પથારીની સંખ્યા વધારીને પેટા જિલ્લાકક્ષાની હોસ્પિટલમાં અપગ્રેડ કરવા જોગવાઈ.
- અમદાવાદ અને સાબરકાંઠાના નારી સંરક્ષણ ગૃહોને અદ્યતન કરવા તેમજ તાલીમ વર્ગો ચલાવવા જોગવાઈ.
- શામળાજી ખાતે એકલવ્ય શાળા તેમજ દાંતા ખાતે મોડેલ સ્કૂલના મકાન બાંધકામ માટે જોગવાઈ.
- મધ્યવર્તી પુસ્તકાલય પાલનપુર ખાતે પુસ્તકાલયોને વધુ સુદૃઢ કરવા માટે જોગવાઈ.
- ગાંધીનગર અને મહેસાણામાં રેલવે સ્ટેશનોનું પીપીપી ધોરણે આધુનિકરણ કરવાનું આયોજન છે.
- રેડીમેઈડ ગારમેન્ટ ઉદ્યોગના વિકાસ અને મહિલાઓને મોટી સંખ્યામાં રોજગારી મળે તે માટે જીઆઈડીસી દ્વારા રાજ્યમાં ચાર જિલ્લાઓ, અમદાવાદ, ભાવનગર, વડોદરા અને સુરતમાં સંપૂર્ણ રીતે સુસજ્જ એપરલ પાર્ક વિકસાવવા માટે જોગવાઈ રૂ. ૫૦ કરોડ.
- ચાણસ્મા, માલપુર ખાતેની આઈટીઆઈના બાંધકામ માટે જોગવાઈ.
- ઉદ્યોગ સાથે ભાગીદારી હેઠળ યુવાનોના યોગ્ય કૌશલ્યવર્ધન કાર્યક્રમ ચલાવવા માટે ચાર રીજનલ હાઈટેક મલ્ટી સ્કીલ ટ્રેનીંગ અને સર્ટીફીકેશન સેન્ટર સ્થાપવા માટે પ્રાથમિક જોગવાઈ રૂ. ૫ કરોડ.

જિલ્લાના પાંચ પીએસઆઈની આંતરીક બદલીઓ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવે જિલ્લાના પાંચ પીએસઆઈની આંતરીક બદલીઓના ઓર્ડર ગઈ સાંજે જારી કર્યા હતા. એલસીબીમાં ફરજ બજાવતા એન.એન.ચાવડાને સે-૨૧ પોલીસ સ્ટેશનમાં, સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કે.એ. ગઢવીને સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં અને સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાતા વી.યુ.ગડરીયાને એલસીબીમાં મુકવામાં આવ્યા છે જયારે ડભોડા પોલીસ સ્ટેશનમાં સિનિ. પીએસઆઈ પી.જે.સોલંકીને ટ્રાફીક પોલીસ સ્ટેશનમાં અને ટ્રાફીક પોલીસ સ્ટેશનમાંથી ટી. એમ. પટેલને એલ.આઈ.બી.માં મુકવામાં આવ્યા છે. ડભોડા પોલીસ સ્ટેશનમાં સેકન્ડ પીએસઆઈ એન. એમ. ચૌધરીને ડભોડા સિનિ. પી. એસઆઈ તરીકે મુકવામાં આવ્યા છે.

સરઢવ ગામે દેશી દારૂના અડ્ડા પર ઠાકોર ક્ષત્રિય સેવા દ્વારા જનતા રેડ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર નજીકના સરઢવ ગામે ગતરોજ ઠાકોર ક્ષત્રિય સેનાએ પોલીસને સાથે રાખી દેશી દારૂના અડ્ડા પર જનતા રેડ પાડી હતી અને સંખ્યાબંધ લીટર દેશી દારૂનો વોશ પકડી પાડ્યો હતો. છેલ્લા ઘણા દિવસોથી ઠાકોર સમાજ દ્વારા ઠેર-ઠેર દેશી દારૂના અડ્ડા પર જનતા રેડ પાડવામાં આવી રહી છે. ત્યારે ગાંધીનગર નજીકના સરઢવ ગામે ગત રોજ ઠાકોર ક્ષત્રિય સેવા દ્વારા પેથાપુર પોલીસને સાથે રાખી સરઢવ ગામે દેશી દારૂના અડ્ડા પર જનતા રેડ પાડવામાં આવી હતી.

આજે શહેર કોંગ્રેસની વિસ્તૃત બેઠક મળશે

નિરીક્ષકોએ મંગળવારે ધારાસભ્યો અને આગેવાનો સાથે રાજકીય સ્થિતિની સમીક્ષા પણ કરી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી અંગેની તૈયારીઓ અંગે આજે કોંગ્રેસના નિરીક્ષકોએ ગાંધીનગરમાં મહત્વની બેઠક કરી હતી.

ધારાસભ્યો, શહેર કોંગ્રેસના અગ્રણીઓ તેમજ નિરીક્ષકો વચ્ચે આજે બંધ બારણે મળેલી બેઠક બે કલાક જેટલો સમય ચાલી હતી જેમાં શહેરની વર્તમાન રાજકીય સ્થિતિ, વોર્ડ રચના અને અન્ય બાબતોને લઈ પ્રાથમિક ચર્ચાઓ કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે આજે બુધવારે સાંજે પાંચ વાગે સે. ૨૨ના કોંગ્રેસ કાર્યાલય ખાતે શહેરના કાઉન્સીલરો, શહેર સમિતિના હોદ્દેદારો, કોંગ્રેસના વિવિધ સેલના હોદ્દેદારો, વોર્ડના અગ્રણીઓની એક સંયુક્ત બેઠક યોજાશે. જેમાં ધારાસભ્યો અને નિરીક્ષકો વિશેષ ઉપસ્થિત રહી તૈયારીઓ કરવા અંગેનું માર્ગદર્શન આપશે.

ગાંધીનગર શહેરના નવા સીમાંકન અંગેના પ્રાથમિક આદેશો જાહેર થતાં જ કોંગ્રેસ પક્ષ દ્વારા તેની તૈયારીના શ્રી ગણેશ કરી દેવામાં આવ્યા છે.

શહેરની ૩૨ બેઠકોની સામાન્ય ચૂંટણી અંગે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા, પસંદગી અંગેના ધોરણો વિગેરે બાબતોથી પક્ષના આગેવાનોને માહિતગાર કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી એપ્રિલમાં યોજાવાની શક્યતા છે.

તલાટીની તૈયારીઓ : રાજ્યમાં મહેસૂલી તલાટીની સ્પર્ધાત્મક પરીક્ષાની જાહેરાત થતાં તાલીમી વર્ગોમાં ધમધમાટ વધ્યો છે. ગાંધીનગરમાં વિવેકાનંદ એકેડેમી દ્વારા છેલ્લા ચાર દિવસની આરંભાયેલ માર્ગદર્શન શિબિરમાં સંખ્યાબંધ યુવક - યુવતીઓ ભાગ લઈ રહ્યા છે. નગરના જાણીતા ટ્રેનર શ્રી રાજુભાઈ પટેલ દ્વારા આત્મવિશ્વાસ સાથે પરીક્ષા માટેનું માર્ગદર્શન ખૂબ જ રસપ્રદ રીતે અપાઈ રહ્યું છે.